ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ઈન્દુબેન દવે
(૪-૮-૧૯૪૪)
અગ્રણી સભ્ય, લાયોનેસ ક્લબ

# જે એમ ચૌધરી શાળામાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક શાળા ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તો મહેંદી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

ધોરણ-૬માં હિતિષા ચૌધરી, રાજલ વડાદરા, ક્રિષ્ના ચૌહાણ, ધોરણ-૭માં હેતલ પરમાર, તલાવિયા વૈભવી, ધરતી રાવળ અને ધોરણ-૮માં નેન્સી પટેલ, હિમાની પટેલ, નિધિ અને રોશની ચૌધરી અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમાંકે વિજેતા જાહેર થયા હતા.

સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંચાલન દક્ષાબેન પટેલ, મંદાકિની ત્રિવેદી દ્વારા આચાર્યા મીનાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ગણેશ મહોત્સવ નિમિત્તે બ્રહ્મસમાજ દ્વારા ગાયન-ડાન્સ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૭ ઑગષ્ટથી શરૂ થતો ગણેશ મહોત્સવ શ્રી સ્વામિ સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સૅક્ટર-૧૬ ખાતે ઉજવવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનમાં દરરોજ રાત્રે વિવિધ કાર્યક્રમ અંતર્ગત ટેલેન્ટ ઈવનીંગમાં ગીત-સંગીત અને ડાન્સ રજૂ કરવામાં આવશે.

સમસ્ત બ્રહ્મસમાજના જે યુવક-યુવતિઓ કે ભાઈ-બહેનો, વડીલો ગાયન અને ડાન્સની સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે બ્રહ્મભવન ખાતેથી ફોર્મ મેળવી, ભરીને મોડામાં મોડું તા. ૧૭ ઑગષ્ટ સુધીમાં પહોંચતું કરવું.

આ અંગેની વધુ વિગતો માટે સી એલ મહેતા અથવા જયશ્રી ખેતિયા (૯૩૭૪૮ ૦૫૯૪૮)નો સંપર્ક કરવા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ તેમજ કાર્યક્રમના કન્વીનર જિગર ત્રિવેદી દ્વારા જણાવાયું છે.

## જુસિકા દ્વારા સ્વ. કાન્તિલાલ પરમારનાં ચક્ષુઓનું દાન મેળવાયું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નિવાસી શ્રી કાન્તિલાલ પોપટલાલ પરમાર ૭૯ વર્ષની વયે તા. ૧ ઑગષ્ટે દેવલોક પામ્યા હતા. જેમનાં ચક્ષુઓનું દાન તેમના કુટુંબીજન રાજનભાઈ પરમારની સંમતિથી જુનિયર સિટીઝન કાઉન્સીલ, ગાંધીનગરને કરવામાં આવ્યું હતું.

સદર કાર્યમાં ડૉ. મિતુલ પટેલ તેમજ જુનિયર સિટીઝન કાઉન્સીલના કાર્યકર રાજુભાઈ ટી વાઘેલાએ પોતાની સેવાઓ અર્પણ કરી હતી.

અમદાવાદ ચક્ષુ બૅન્કમાં રાજુભાઈ ટી વાઘેલાએ ચક્ષુઓનું દાન પહોંચાડવાનું સ્તુત્ય કાર્ય નિભાવ્યું હતું.

## ડૉ. આંબેડકર યુનિવર્સિટીમાં પ્રવેશ માટેની તારીખ લંબાવાઈ

ગાંધીનગર, તા. ૩

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ માટેની તારીખ ૩૧ જુલાઈથી લંબાવીને ૧૮ ઑગષ્ટ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા જુદા-જુદા ૭૨ પ્રકારના કોર્સીસ ચલાવવામાં આવે છે, જે માટે પ્રવેશની તારીખ અગાઉ ૩૧ જુલાઈ નિયત કરવામાં આવી હતી. પરંતુ હવે તે તારીખ લંબાવીને ૧૪ જુલાઈ, ૨૦૧૫ કરવામાં આવી છે.

આ અંગેની વિગતો આપતાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્ટડી સૅન્ટર, શાંતિનિકેતન શાળા, સૅક્ટર-૨૯ના સંયોજક બિપીનભાઈ રાવલે જણાવ્યું છે કે અગાઉ પ્રવેશથી વંચિત રહી ગયેલા તમામ વિદ્યાર્થીઓ માટે આ ઉત્તમ અને છેલ્લી તક છે. આવા બધા જ વિદ્યાર્થીઓને આગામી તારીખ ૧૪ ઑગષ્ટ પહેલાં રૂબરૂ અભ્યાસ કેન્દ્રનો સંપર્ક કરી રસ ધરાવતા હોય તે કોર્સમાં પ્રવેશ મેળવી લેવા તેમણે અનુરોધ કર્યો છે.

## આવો આવો... ગાંધીનગરના આંગણે

ગ્રીનસિટી અમારું, ગાંધીના ગુણોવાળું...
આવો આવો... ગાંધીનગરના આંગણે.
પાનટગર છે પ્યારું, પ્રજાના પ્રેમવાળું...
આવો આવો... ગાંધીનગરના આંગણે.
હરીયાળી જ્યાં હરખાય, ફૂલોની જેમ મહેકાય...
આવો આવો... ગાંધીનગરના આંગણે
અક્ષરધામ છે એવું, આઠમી અજાયબી જેવું...
આવો આવો... ગાંધીનગરના આંગણે
નેચરન પાર્ક જેના અંગમાં, એવી સાબરમતી એના સંગમાં...
આવો આવો... ગાંધીનગરના આંગણે
ગવર્નરની જ્યાં ગાદી, હુકમોની છે ત્યાં યાદી...
આવો આવો... ગાંધીનગરના આંગણે
ભણતરનું જ્યાં ભાથું, એમાં ઊંચું સૌનું માથું...
આવો આવો... ગાંધીનગરના આંગણે
પંચદેવ છે પાસ, એમાં પ્રભુનો વાસ...
આવો આવો... ગાંધીનગરના આંગણે
ભવનોનું ભંડોળ, એવું મંત્રીઓનું મંડળ...
આવો આવો... ગાંધીનગરના આંગણે
ગામડું ગણો કે શહેર, રહેવામાં લીલાલહેર...
આવો આવો... ગાંધીનગરના આંગણે
હરખ થાય એમ કહેતાં, અમે ગાંધીનગરમાં રહેતા...
આવો આવો... ગાંધીનગરના આંગણે

- પૂજાબા મહેન્દ્રસિંહ જાડેજા

## પ્રેરણા વિદ્યાલય ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા. ૩

સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી અનન્ય ભાવ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ગુરુના મહત્ત્વ વિશે પોતાની સમજ રજૂ કરી હતી અને આચાર્ય તેમજ શિક્ષકોએ વિવિધ દૃષ્ટાંતોના માધ્યમથી જીવનમાં ગુરુના મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને સમજ આપી હતી.

વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકો પ્રત્યે પોતાની શ્રદ્ધાભાવના વ્યક્ત કરી હતી તો સામે પક્ષે શિક્ષકોએ વિદ્યાર્થીઓને તેમના સફળ જીવન તથા ઉચ્ચતમ કારકિર્દી માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, આચાર્ય મનિષભાઈ ખત્રી તથા નરેશભાઈ શાહ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન તથા આશિષ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સહયોગથી સફળ રહ્યો હતો.

## નગરની એક શાળામાં ઉજવાયો 'સ્લૅપ ડે'

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની એક ખાનગી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ આજે સ્લૅપ ડેની ઉજવણી કરી હતી એટલે કે વિદ્યાર્થીઓએ એકમેકને લાફા (થપ્પડ) મારીને આ દિવસની ઉજવણી કરી હતી, જેનાથી ઘણા વિદ્યાર્થીઓ રડ્યા હતા.

અલબત્ત, સ્કૂલ્સમાં આવા દિવસ ઉજવવા પર મનાઈ હોય છે અને ફ્રેન્ડશીપ ડેની ઉજવણી ઉપર પણ સ્કૂલ્સ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વિવિધ સ્કૂલ્સ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ફ્રેન્ડશીપ બેલ્ટ્સ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. પરંતુ આજે બનેલી એક વિચિત્ર અને નિંદનીય ઘટનામાં વિદ્યાર્થીઓએ સ્લૅપ ડે ઉજવ્યો હતો અને હજુ તો આવતીકાલે 'કીક ડે' ઉજવવાની જાહેરાત અંદરોઅંદર કરી હતી. મતલબ કે વિદ્યાર્થીઓએ અંદરોઅંદર એકમેકને લાતો મારવાની ને આ દિવસ ઉજવવાનો.

અલબત્ત, એક જાગૃત વાલીની જાણમાં આ વાત આવી જતાં તેમણે બાબતને ગંભીરતાથી લઈ આજે પ્રિન્સીપાલને આ બાબતથી અવગત કરાવ્યા હતા ને ચેતવી દીધા હતા.

શાળાના પ્રિન્સીપાલ પણ આ વાત સાંભળીને ચોંકી ઊઠ્યા હતા અને પોતાને આ વાતની જાણ ન હોવાનું કબૂલ્યું હતું. જોકે, પ્રિન્સીપાલે આ બાબતને ગંભીરતાથી લઈ આવતીકાલે વિદ્યાર્થીઓ 'કીક ડે'ની ઉજવણી ન કરે તે માટેની વ્યવસ્થા કરવા વાલીને સધિયારો આપ્યો હતો.

### ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત સાદરાના

# શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા અમરેલીના પૂરગ્રસ્ત વિસ્તારમાં ઍનઍસઍસ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા આયોજિત શિબિર પૂરગ્રસ્ત અમરેલી જિલ્લાના બાબાપુર ખાતે યોજવામાં આવી હતી.

આઠ દિવસની આ શિબિરમાં પૂરગ્રસ્ત વિસ્તારમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી જેવી કે શ્મશાનની મરામત, ગામના હવાડાની મરામત, ગ્રામસફાઈ, બાબાપુર સંસ્થાની સફાઈ, પૂરના કારણે થયેલ નુકસાનનો સર્વે, બાજુના ગામ પાણીયા અને ગાવડકાની પ્રાથમિક શાળાની સફાઈ અને રેતી નાંખવાનું કામ, તરવડા ગામની સંસ્થા ગુરુકુળમાં સફાઈ અને કચરો ફેંકવાનું કામ, ગરીબ પરિવારના લોકોની શ્રમકાર્ય દ્વારા મદદ, ગામમાં દવા છાંટવાનું કામ, રમતગમતની પ્રવૃત્તિઓનું આયોજન અને વ્યસન, સાક્ષરતા, પર્યાવરણની જાગરૂકતાને લગતાં શેરી નાટકો.

શિબિરના મંત્રી તરીકેની જવાબદારી અમિતભાઈ સુરાણી અને સહમંત્રી તરીકેની જવાબદારી રાજુભાઈ ભુતિયા દ્વારા નિભાવવામાં આવી હતી. શિબિર સંચાલક તરીકે ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા તથા સહ સંચાલક તરીકે ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ડૉ. જગદીશચંદ્ર ગોઠી અને ડૉ. નિમેષભાઈ ચૌધરીએ પોતાની સેવાઓ આપી હતી.

સમગ્ર શિબિરના આયોજનની જવાબદારી રાષ્ટ્રીય સેવા યોજના તરફથી કો-ઓર્ડિનેટર ડૉ. અરુણભાઈ ગાંધી અને પ્રોગ્રામ ઑફિસર ડૉ. નીરજ સિલાવટે નિભાવી હતી.

# સૅક્ટર-૭ ડીના તેજસ્વી તારલાઓનું તા. ૧૬મી ઑગષ્ટે સન્માન યોજાશે

ગાંધીનગર, તા. ૩

તા. ૧૬મી ઑગષ્ટના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યે સૅક્ટર-૭ ડીના તેજસ્વી તારલાઓ તથા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર સભ્યોનું સન્માન કરવામાં આવશે.

ચૌધરી સંકુલમાં વાર્ષિક સામાન્ય સભા તેમજ સન્માન સમારંભ યોજાશે. સમારંભમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદી, અતિથિવિશેષ પદે ડેપ્યુટી મેયર શ્રી કાર્તિકભાઈ પટેલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ શ્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર શહેરીજન સંસ્થા અને સૅક્ટર-૭ ડી નિવૃત્ત સરકારી અધિકારી મંડળની કાર્યવાહક સમિતિની મિટીંગ જયંતભાઈ જી ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં દિવંગત પૂર્વ રાષ્ટ્રપતિ, વૈજ્ઞાનિક ડૉ. એપીજે અબ્દુલ કલામ તથા સૅક્ટર-૭ ડીના શહેરીજન સ્વ. શ્રી કે ઓ વ્યાસ, સ્વ. શ્રી જી એન સુથાર, સ્વ. શ્રીમતી અમરાવતકરને શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

શ્રી સુમંતભાઈ શાહ, શ્રી કાન્તીભાઈ પંડ્યા, શ્રી ભુપતભાઈ ભૂતડિયાએ જરૂરી રજૂઆતો કરી હતી. સન્માન સમારંભનું સુંદર આયોજન ગોઠવવાની ચર્ચા કરી હતી. શ્રી અમરનથ ભટ્ટે ગાંધીનગર માટે લાઈટ મૅટ્રો ટ્રેનની જાણકારી આપી હતી. છેલ્લા ત્રણ માસમાં જે સભ્યોના જન્મદિન આવેલ છે, તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

## ભારત વિકાસ પરિષદ દ્વારા વર્ષમાં સારો દેખાવ કરનાર કુલ ૨૭ બાળકો તથા બે શિક્ષકોને પ્રમાણપત્રો એનાયત

ગાંધીનગર, તા. ૩

લેકાવાડા ખાતે કાર્યરત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી પરંપરાગત રીતે શ્રદ્ધાભાવપૂર્વક કરવામાં આવી હતી.

શાળા તથા ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખાના સંયુક્ત ઉપક્રમે 'ગુરુ વંદન છાત્ર અભિનંદન' કાર્યક્રમનું શાળામાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખાના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ રાવલ, મંત્રી મુકેશભાઈ રાવલ તથા મહિલા કાર્યકર ગીતાબેન જેટલી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શાળાના પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ખૂબ જ સરસ કાર્યક્રમ યોજાયો હતો. ગીતાબેન જેટલી દ્વારા ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધો, વિદ્યાર્થી અને શિક્ષકોની ફરજો તેમજ ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ વિષય પર ખૂબ જ પ્રભાવી, જ્ઞાનસભર માહિતી પીરસવામાં આવી હતી. કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ દ્વારા વર્ષમાં સારો દેખાવ કરનાર કુલ ૨૭ બાળકો તથા બે શિક્ષકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

શાળા પરિવાર તરફથી ભારત વિકાસ પરિષદ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દૃશ્યમ
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
દૃશ્યમ
૧૨.૧૫
બજરંગી ભાઈજાન
૩.૩૦, ૧૦.૧૫
બાહુબલિ
૬.૪૫

**સ્ક્રીન-૩**
પિક્સેલ (અંગ્રેજી, ૩ડી)
૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫
બાહુબલિ
રાત્રે ૧૦.૧૫
બજરંગી ભાઈજાન
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દૃશ્યમ
સવારે ૧૦.૦૦
બજરંગી ભાઈજાન
૧.૦૦
બાહુબલિ
૪.૦૦, ૧૦.૧૫
મસાન (એ)
૭.૧૫

**સ્ક્રીન-૫**
દૃશ્યમ
સવારે ૧૦.૦૦
બજરંગી ભાઈજાન
૧.૦૦, ૭.૦૦
બાહુબલી

## જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૩

જિલ્લા કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા (અન્ડર-૧૯) તાજેતરમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ભાગ લઈ સૅક્ટર-૭ ખાતે કાર્યરત શ્રી જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની બહેનોને પ્રથમ સ્થાન મળ્યું હતું.

શાળાની વિદ્યાર્થીની ચૌધરી રશ્મિકાબેન એ., ચૌધરી ભારતી ડી., ચૌધરી મુમતા જી.એ આ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જેમને આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયમ શિક્ષક લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરીયા તથા સમગ્ર શાળા પરિવારે બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# વર્ષો પહેલાં ગાંધીનગરમાં આરંભાયેલી 'ચોકઠા પ્રથા' આજેય લાગણીથી ધબકે છે



'ફ્રેન્ડશીપ ડે' નિમિત્તે રવિવારે એકત્ર થયેલા સૅક્ટર-૧૭, છ ટાઈપ, બ્લૉક નં. ૪૭, ૪૮, ૪૯ના રહેવાસી પરિવારો ગાંધીનગરમાં ઓટલા પ્રથાની સફળતાનું સુંદર ઉદાહરણ છે.




ગાંધીનગર શહેરની સ્થાપના દિવસના લેખમાં આપણે જોઈ ગયા કે આસપાસનાં દસ ગામોને એકત્ર કરીને ગાંધીનગર શહેરની રચના કરવામાં આવી હતી અને એ પછી રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આવેલા લોકો અહીં આવીને વસ્યા હતા. વસવાટનો હેતુ એક જ હતો : સરકારી નોકરી. વિધાનસભા કે સચિવાલયમાં જેમને નોકરી મળી હતી તેવા કર્મચારીઓ જ અહીં આવીને વસ્યા હતા અને તેમને સરકારી મકાનો રહેવા માટે સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા હતા.

સૅક્ટર-૨૮ અને અને સૅક્ટર-૨૯ એ બે જ સૅક્ટર સૌપ્રથમ અસ્તિત્વમાં આવ્યાં હતાં. એ પછી સૅક્ટર-૩૦, ૨૧ એમ ગાંધીનગર વિકસતું ચાલ્યું. ૧૯૭૦નો દાયકો એ ગાંધીનગર માટે સુવર્ણ દાયકો હતો એમ કહી શકાય કારણ કે એ સમયમાં આ શહેર વસ્યું હતું. અગાઉ ઉજ્જડ લાગતા અને વગડો ગણાતા આ વિસ્તારે આ સમયગાળા દરમ્યાન શહેર તરીકેની ઓળખ મેળવી હતી અને હવે 'અહીં પણ રહી શકાય' એવી લાગણી લોકોનાં મનમાં જન્મી હતી.

એકસાથે અલગ-અલગ વિસ્તારોમાંથી આવેલા લોકો પાડોશીઓ બનતાં સ્વાભાવિક રીતે જ તેમની વચ્ચે પ્રતમ વાટકી વ્યવહાર અને પછી ઓટલા પ્રથા ચાલુ થઈ હતી. મતલબ કે જ્યારે બપોરના સમયે પુરુષો ઑફિસે ગયા હોય ત્યારે આસપાસનાં મહિલાઓ એકત્ર થઈને એક ઓટલા ઉપર બેસે અને અલકમલકની વાતો કરે. વાતોનો મુદ્દો સૌપ્રથમ તો પોતાના વતનનો જ હોય કારણ કે મોટાભાગના લોકો અલગ-અલગ વિસ્તારોમાંથી આવતા હતા. એ પછી ઘરની એટલે કે સાસુ-સસરા-નણંદની વાતો, પિયરની વાતો અને પછી આવે અલકમલકની વાતો. દિવસ દરમ્યાનનો આ મહિલાઓનો ક્રમ.

અને આ જ ક્રમ પુરુષો રાત્રિના સમયે નિભાવતા. અલબત્ત, પુરુષો ઓટલે તો નહોતા બેસતા, પણ શોપીંગ સેન્ટર, પાનનો ગલ્લો કે બસ-સ્ટેન્ડ એ એમના મળવાનાં ઠેકાણાં બની રહેતાં અને રાત્રિના સમયે પુરુષો ત્યાં નિયમિત મળતા.

આ ઓટલા પ્રથાને કારણે પરિવારો વચ્ચે એટલી બધી નજદિકી સધાઈ કે આજની તારીખે પણ તેમની વચ્ચેના પારિવારિક સંબંધો સચવાઈ રહ્યા છે. પોતાના ઘરે કોઈ સારો પ્રસંગ હોય ત્યારે જૂના બધા જ પાડોશીઓને સગાઓની જેમ યાદ કરીને બોલાવવાના એ ક્રમ તો એમણે જાળવ્યો જ છે પરંતુ એ સિવાય ઘણા જૂથો તો એવાં છે જે વર્ષે એકવાર સમૂહમાં એકત્ર થાય છે ને ભેગા મળીને આનંદ કરે છે, સાથે નાસ્તો-ભોજન કરે છે.

હવે તો ગાંધીનગર ૩૦ સૅક્ટરની મર્યાદા વટાવીને ન્યૂ ગાંધીનગર તરીકે પણ વિકસી ગયું છે અને શહેરનો વિસ્તાર બમણાથી પણ વધુ થઈ ચૂક્યો છે. અનેક પરિવારો પોતાનાં જૂનાં સરકારી રહેણાંકો છોડીને ન્યૂ ગાંધીનગરમાં વસી ગયા છે તેમ છતાં તેમના જૂના પાડોશીઓ સાથેનો તેમનો સ્નેહસંબંધ અકબંધ છે. સારા-નરસા પ્રસંગે તો તેઓ એકમેકના પડખે ઉભા જ રહે છે, પરંતુ એ સાથે વર્ષેદહાડે એકવાર સમૂહમાં મળવાનો ક્રમ પણ તેઓ જાળવે છે. ૭૦ના દાયકામાં જે પરિવારો અહીં વસ્યા હતા એમની ત્રીજી પેઢી આજે શહેરમાં વસી રહી છે અને એ ત્રીજી પેઢી વચ્ચે પણ સ્નેહના સંબંધો ટકી રહ્યા છે એ આ જૂની ઓટલા પ્રથાની વિશેષતા કે સફળતા છે.

જૂના ગાંધીનગરમાં સૅક્ટર-૨૮નું શૉપીંગ સૅન્ટર, આંબાવાડી, ૨૮-૨૯નું બસ સ્ટેન્ડ, ઘ-૬નું બસ સ્ટેન્ડ, સૅક્ટર-૨૯નું શૉપીંગ સૅન્ટર, સૅક્ટર-૨૨નું શૉપીંગ સૅન્ટર, સૅક્ટર-૨૩નું શૉપીંગ સૅન્ટર, પંચદેવ મંદિર, સૅક્ટર-૨૧નું અપના બજાર, ૨૧-૩૦નું બસ સ્ટેન્ડ, ઘ-૫નું બસ સ્ટેન્ડ એ જૂની ઓટલા પ્રથાનાં જાણીતાં સ્થળો છે. અલબત્ત, આ પ્રથા નવાં સૅક્ટર્સમાં પણ શરૂ થઈ છે અને પથિકાશ્રમ સર્કલ, ઘ-૨ સર્કલ, ચ-૩ સર્કલ, ગ-૨ સર્કલ, સૅક્ટર-૫ એનો ખાંચો, ૩-૪નું બસ સ્ટેન્ડ એ નવાં સૅક્ટર્સનાં નવાં સ્થળો છે જ્યાં નિયમિત મિત્રોની બેઠકો યોજાય છે.

આ સ્થળોનું મિત્રોને એવું વળગણ છે કે જે લોકો શહેરમાં હોય એ લોકો તો રાત્રે ફિક્સ સમયે આ સ્થળે આવી જ જાય છે અને અલકમલકની વાતોમાં જોડાય છે. એમની વાતોના વિષય ક્રિકેટથી માંડીને સટ્ટા સુધીના ને ગાંધીનગરથી માંડીને અમેરિકાના રાજકારણ સુધીના હોય છે. હા, એમાં વર્તમાન વિષયોને વધુ સ્પર્શવામાં આવે છે અને એની પર પોતપોતાને હોય એટલી માહિતી અને જ્ઞાન પરસ્પર અર્પણ કરવામાં આવે છે. વરસાદ કે ઠંડીની મોસમમાં પણ આ બેઠકોનો દોર અટકતો નથી અને વર્ષભર નિરંતર ચાલ્યા કરે છે એ આ ઓટલા પ્રથાનું વળગણ છે.

આ જ એ વળગણ છે કે જેના કારણે વર્ષોથી સૅક્ટર-૭માં રહેવા આવેલા સંતોષ રાવને સૅક્ટર-૧૭ના શૉપીંગ સૅન્ટર સુધી, સૅક્ટર-૭માં રહેતા મૌલિક શ્રીમાળીને ઘ-૨ના સર્કલ સુધી કે સૅક્ટર-૧૪માં રહેવા આવેલા નીતિન પટેલને સૅક્ટર-૨૩ના શૉપીંગ સૅન્ટર સુધી જવું પડે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, સાહિત્યકાર કિશોર જીકાદરા કે જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ લતાબેન ચૉક્સીનાં ઉપરાંત અસંખ્ય જાણીતા-ન જાણીતા લોકોનાં નામો પણ આ યાદીમાં છે, જેમને પોતાના જૂના પાડોશીઓ-મિત્રોની સંગાથે એક ચોક્કસ જગ્યાએ ભેગા મળવાનું થાય છે. એમને આ સ્થળોએ જવું ગમે છે કારણ કે આ જ એ સ્થળો છે જ્યાંથી એમણે મિત્રો બનાવવાની શરૂઆત કરી હતી. આ જ એ સ્થળ છે જ્યાંથી તેમનું ગ્રૃપ મળ્યું હતું, પાંચ માણસો તેમને ઓળખતા થયા હતા અને પરિવાર ઉપરાંત કોઈ વ્યક્તિ સાથે તેમણે પોતાના સુખ-દુખની વાત વહેંચી હતી, કોઈના સુખ-દુખની વાત સાંભળી હતી, કોઈના સારા-નરસા પ્રસંગે સાથે ઊભા રહ્યા હતા ને પોતાના આવા પ્રસંગમાં અહીં ઊભા રહેતા મિત્રો સાથે આવીને ઊભા રહ્યા હતા. વર્ષ ૨૦૧૨થી 'સંબંધ સજાવે જિંદગી' શિર્ષક અંતર્ગત 'પહેલો સગો પાડોશી' મથાળા હેઠળ આવા અનેક વ્યક્તિઓના, પાડોશીમાંથી મિત્રો, સ્નેહીઓ અને સંબંધીઓ બનેલા વ્યક્તિઓના પ્રસંગોની વાત વિગતે નોંધવામાં આવી છે, એ સરવાળે તો આ ઓટલા પ્રથાની જ સફળતા છે.

અલબત્ત, ન્યૂ ગાંધીનગરમાં પણ આવી ઓટલા પ્રથાનો આરંભ થઈ ચૂક્યો છે, એક સોસાયટીના રહીશો સોસાયટીના કૉમન પ્લૉટમાં કે ઑફિસમાં રાત્રે નિયમિત બેસતા થયા છે. પરંતુ, હજુ સુધી તો એમાં માત્ર સોસાયટીનાં કાર્યોની જ વાત થાય છે. જોકે, સમૂહમાં નિયમિત ભેગા મળવાનું ગોઠવાયું છે એટલે વાત મિત્રતા સુધી ને સ્નેહ સુધી જશે એમાં શંકા નથી. પુનઃ ઓટલા પ્રથાની વાત આલેખીએ ત્યારે ન્યૂ ગાંધીનગરની વાત પણ નોંધશું એવો આશાવદ છે.